## ગાંધીનગરમાં બૌદ્ધ ધર્મના પ્રચાર માટે ભિક્ષુઓ પધારશે

ગુજરાત ધમ્મ સોસાયટી ગાંધીનગરની યાદીમાં જણાવેલ છે કે, બૌદ્ધ ધર્મના ભિક્ષુઓ તથા વિપશ્યના આચાર્ય તથા બૌદ્ધમિત્રના બે ભિક્ષુઓ આજથી ત્રણ દિવસ માટે બૌદ્ધ ધર્મના પ્રચાર-પ્રસાર તથા મેડીટેશન ઓકટોમ્બર-નવેમ્બર ૨૦૧૨માં વિદેશથી ભિક્ષુઓ પધારી રહ્યા છે. તેઓ ધમ્મ યાત્રાની રૂપરેખા યાત્રા રૂટ નક્કી કરશે. ગાંધીનગર ધમ્મ સોસાયટીએ જણાવેલ છે.

## જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરનું ગૌરવ

જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશન હેઠળના ગુજરાત રીજીયનલ ઓયોજીત ઈન્ડોર ગેમ્સ ટુર્નામેન્ટ અંકલેશ્વર મુકામે યોજાયેલ હતી. જેમાં ગૃપના સભ્ય કમલેશ બી.શાહ ટેબલ ટેનીસમાં ૬૨ ખેલાડીઓ પૈકી પ્રથમ વિજેતા જાહેર થયેલ હતા. દિનેશભાઈ પંચમીયા ચેસ ટુર્નામેન્ટમાં રનર્સઅપ તરીકે વિજેતા થયેલ છે. બાળકોમાં ધર્મિત લાલન ચેસ ટુર્નામેન્ટમાં પ્રથમ વિજેતા બનેલ છે. ચિ. આશય ગાંધી કેરમની સ્પર્ધામાં વિજેતા બનેલ હતી. આમ, ચારેય ખેલાડીઓએ જૈન સોશ્યલ ગૃપનું ગૌરવ વધારેલ છે.

## સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર દ્વારા સર્વ રોગ નિદાન શિબિર યોજાશે

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલા સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર દ્વારા તા. ૧૫મી ઓગષ્ટ ૨૦૧૨થી ૨૧મી ઓગષ્ટ ૨૦૧૨ દરમિયાન સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વ રોગ નિદાન કેમ્પમાં જીર્ણ રોગો જેવા કે ઓબેસીટી, ડાયાબિટીસ, દમ, આર્થરાઈટીસ-વા- તથા ત્વચા સંબંધિત હઠીલા રોગો અંગેની સાચી સમજ તથા સારવાર લોકો સુધી પહોંચાડવાના આશયથી સર્વ રોગ નિદાન શિબિર યોજાશે.

## હાટકેશ મેરેજ બ્યુરો ૨૦૧૨-૨જી ડીસેમ્બરે અમદાવાદમાં યોજાશે

હાટકેશ મેરેજ બ્યુરો-૨૦૧૨ દ્વારા આગામી ડીસેમ્બર માસમાં બીજી તારીખે અમદાવાદ ખાતે છષ્ટમ લગ્ન પરિચય મેળો-સ્વયંવર યોજવામાં આવ્યો છે. જેમાં ભાગ લેવા તા. ૧લી નવેમ્બર પહેલાં યોગેન્દ્રભાઈ, જી-૪૨ સચિન ટાવર્સ, સેટેલાઈટ, અમદાવાદ-૧૫. ફોન નં. ૨૬૯૩૩૩ ૭૭૩નો સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.



ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ એટલે જન્માષ્ટમી. પાલનપુર શહેરમાં પરંપરાગત રીતે જન્માષ્ટમીની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે શહેરના બ્રિજેશ્વર કોલોની મંદિરેથી નીકળીને શોભાયાત્રા શહેરમાં પરિભ્રમણ કરી શાંતિપૂર્વક સંપન્ન થઈ હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# બુટલેગર મફા મારવાડીની સઘન પૂછપરછ માટે ગાંધીનગર લવાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના કુખ્યાત બુટલેગર અને વિવિધ ગુનામાં સપડાયેલા એવા બુટલેગર મફા મારવાડી (રહે. મૂળ વતન રાજસ્થાન)ને આજે ગાંધીનગર એલ.સી.બી. શાખાના અધિકારીઓ ટ્રાન્સફર વોરંટના આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી ગાંધીનગર લઈ આવ્યા છે અને આરોપીની પુછપરછ હાથ ધરી છે. મફા મારવાડી વિરુધ્ધ ગાંધીનગર જિલ્લાના વિવિધ પોલીસ મથકમાં નોંધાયેલા ગુના સંદર્ભે પણ અલગ અલગ પોલીસ મથકમાં તબક્કાવાર ધરપકડ કરી તેના વિરુધ્ધ વધુ તપાસ હાથ ધરવામાં આવશે. હાલ આ આરોપીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી ગાંધીનગર એલ.સી.બી. શાખામાં પુછપરછ ચાલી રહી છે તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.



મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે કાળુપુર સ્વામિનારાયણ મંદિરના વરિષ્ઠ સંત ધ્યાની સ્વામીએ સૌજન્ય મુલાકાત લઈને દુનિયામાં ઉત્તમ સેવાકીય શાસક તરીકે ગુજરાતનો ડંકો વાગે એવા અંતઃકરણના આશીર્વાદ આપ્યા હતા. શ્રી ધ્યાની સ્વામી મહારાજે કાળુપુર સ્વામિનારાયણ મંદિરના સંત સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળી અત્યંત સ્નેહભાવ વ્યકત કર્યો હતો.

## તમાકુ ઉત્પાદન પર પ્રતિબંધ માગતી જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર તા.૧૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆ દ્વારા આરોગ્યમંત્રી જયનારાયણ વ્યાસ સમક્ષ ગુજરાતમાં તમાકુના ઉત્પાદનો, ગુટખા વગેરે બંધ કરાવવા બાબતની રજૂઆત કરવામાં આવી છે. સામાજિક સ્વાસ્થ્ય માટે હંમેશા ચિંતા કરતી સરકાર હજુ સુધી તમાકુ, ગુટખા પર પ્રતિબંધ કેમ મુકતા નથી. તે સમજાતું નથી. સુખ, શાંતિ અને સમૃદ્ધિના હિતમાં સત્વરે નિર્ણય લેવાય તે જરૂરી છે.

તમાકુ- ગુટથા પર પ્રતિબંધ થતાં ગંભીર બિમારી માંથી બચી શકશે. પરિણામે આર્થિક હાલત સુધરશે. તેમ જણાવેલ છે.

## ગાંધીનગર મહાનગર કિસાન મોરચાના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧૨

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર દ્વારા મહાનગરના કિસાન મોરચાના હોદ્દેદારોની તાજેતરમાં વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે રાજેશકુમાર પટેલ, ઉપપ્રમુખ તરીકે કલ્પેશભાઈ પ્રજાપતિ, પ્રકાશકુમાર બારોટ, મેલાજી ઠાકોર અને નિલેષ પટેલ તથા મહામંત્રી તરીકે વિનાયકભાઈ પટેલ, વાલજીભાઈ દેસાઈ, મંત્રી તરીકે હરેશકુમાર પટેલ, રૂપીનભાઈ પટેલ, પરેશભાઈ ચૌધરી અને અરવિંદભાઈ પટેલની તથા કોષાધ્યક્ષ તરીકે ભીખાભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી.

## સમાચાર ઝલક

- અમદાવાદ-પૂણે તથા જોધપુર, બીકાનેર વગેરે રેલ્વે ટ્રેનમાં એ.સી. કોચ વધારાનો જોડાશે.
- ૭૮૪ બેઠકો સાયન્સ કોલેજમાં વધારો કરતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- મુંબઇના આઝાદ મેદાનમાં આસામમાં તોફાનો અંગે દેખાવો કરતાં તોફાન થયું, બે મોત, સમગ્ર મુંબઇ એલર્ટ.
- પાકિસ્તાનમાં હિન્દુઓની સ્થિતિ ખૂબ જ દયાજનક છે, પાકિસ્તાનમાં ત્રાસ વર્તાવાય છે.
- રામદેવના અનશનના અંતે નવો કાર્યક્રમ જાહેર કરશે, મહાક્રાંતિ કરવા માટે રામદેવની તૈયારી.
- અમદાવાદ અને ગુજરાતમાં મેઘરાજાની પધરામણીથી લોકોમાં આનંદ-ઉલ્લાસ, ધીમી ધારે અમદાવાદમાં વરસાદ ચાલુ.
- પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનર્જીને ખેડૂતોના પ્રશ્ન પુછનારની ધરપકડ કરવામાં આવી.
- સુરતમાં ૧૨૦૦ કરોડના વિકાસના કામોની શરૂઆત કરતાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી, સુરતની કાયાપલટ થશે, મેટ્રો ટ્રેન સુરતને મળશે.
- લંડન ઓલમ્પિકમાં યોગેશ્વર દત્તે જીત્યો કાસ્યચંદ્રક, અભિનંદનની વર્ષા, હરિયાણા સરકારે ૧ કરોડના ઇનામની જાહેરાત કરી.
- ઇરાનનાં ભૂકંપ ૧૮૦નાં મોત.
- આબુમાં જુગાર રમતાં ૨૦ ગુજરાતીઓને પકડતી રાજસ્થાન પોલીસ.
- મધ્યપ્રદેશમાં વરસાદની કહેર બાદ પુરની સમસ્યા.
- અંબાજી મીની વેકેશનમાં ચાર લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# બક્ષીપંચ જાતિઓના નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર માટે ૨.૫૦ લાખની આવક મર્યાદા વધારીને રૂ. ૪.૫૦ લાખ કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે બક્ષીપંચ જાતિઓ માટે સરકારી નોકરીઓ તેમજ ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર માટે વર્તમાન રૂ. ૨.૫૦ લાખની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરી રૂ. ૪.૫૦ લાખ કરવામાં આવી છે.

આ અંગે વધારાની વિગતો આપતાં શ્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું છે કે અનામતના હેતુ માટે ભારત સરકાર તેમજ ગુજરાત સરકાર હેઠળ સૌ પ્રથમ સન-૧૯૯૫માં આવક મર્યાદા રૂ. ૧.૦૦ લાખ હતી. સન ૨૦૦૪માં ભારત સરકાર અને ગુજરાત સરકારે તેમાં વધારો કરીને બંન્ને કક્ષાએ રૂ. ૨.૫૦ લાખ કરી હતી. ગુજરાત રાજ્યમાં બક્ષીપંચની ૧૪૬ જાતિઓ માટે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનામતના હેતુ માટે હવે રૂ. ૨.૫૦ લાખમાં વધારો કરી રૂ. ૪.૫૦ લાખ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા ૮ વર્ષમાં વધેલી મોંઘવારી અને ફુગાવાના કારણે તેમજ છઠ્ઠા પગારપંચના કારણે પણ કર્મચારીઓ/અધિકારીઓના વધેલા પગારોના કારણે રૂ. ૨.૫૦ લાખની આવક મર્યાદાના કારણે ઘણાં વિદ્યાર્થીઓ/ઉમેદવારો શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓના અનામતમાંથી બાકાત થઈ જતાં હતા, તે બાબતે વ્યાપક લોકલાગણીને ધ્યાને રાખી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પહેલથી રૂ. ૨.૫૦ લાખની આવક મર્યાદામાં વધારો કરી રૂ. ૪.૫૦ લાખ કરવાનું નક્કી કર્યું છે. આ નિર્ણયથી ગુજરાત રાજ્ય હેઠળની ૧૪૬ બક્ષીપંચ જાતિઓ (સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો)ને અંદાજે ૩ કરોડ વસ્તીના પ્રવેશ અને નોકરી ઈચ્છતા વિદ્યાર્થીઓ/ઉમેદવારોને લાભ થશે.

## જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની તાજેતરમાં કારોબારી બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં ગત બેઠકની કાર્યવાહી નોંધનું વાંચન મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા કરવામાં આવ્યું હતું. તથા સંસ્થા દ્વારા આર.ટી.આઈ. નીચે માંગવામાં આવેલી માહિતી સંબંધમાં સમીક્ષા કરવામાં આવી હતી.

ગાંધીનગર વિભાગના ડેપ્યુટી કોન્ઝર્વવેટર ભાવીન વ્યાસની કામગીરીને વખાણવામાં આવી હતી. વન મહોત્સવના સંદર્ભમાં તેઓએ નિષ્ઠાપૂર્વક કામગીરી સંભાળી હતી. પાટનગરમાં રોપાયેલા તમામ છોડને ટ્રી-ગાર્ડ દ્વારા રક્ષણ આપવાનું પણ જણાવવામાં આવ્યું હતું. નગરના પ્રશ્નોમાં ખાસ કરીને ધોળે દિવસે જાહેર માર્ગો પર લાઈટો ચાલુ રાખીને વીજળીના વ્યયને અટકાવવા તથા ડ્યુઅલ વીજ પોલીસી વિરૂદ્ધના આમ જનતાના આક્રોશને પણ સરકારમાં પહોંચાડવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. પરિષદ તરફથી લવજીભાઈ વાડીઆ, રવીન્દ્રભાઈ દવે, જ્યોતીન્દ્રભાઈ દવે, જયંતભાઈ ભટ્ટ, મૂળજીભાઈ પરમાર, સોમાભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી, ભાનુપ્રસાદ પુરાણી, જે. જે. ત્રિવેદી, નિરંજન ઓઝા, કાનજીભાઈ પટેલ, બી.આર. વશી, અજિતસિંહ ભાટીએ વીજ કંપનીના વડી કચેરીના ઉચ્ચ સત્તાવાળાઓ સુધી નગરજનોના પ્રશ્નોની રજૂઆત કરી યોગ્ય કામગીરી કરવા જણાવ્યું હતું.

## શબ્દાવલી - ૪૮૧૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | ૮ | | ■ | |
| ૯ | | ૧૦ | | | ■ | ૧૧ | ■ |
| | ■ | ૧૨ | | | ■ | ૧૩ | |
| ૧૪ | ૧૫ | ■ | ૧૬ | | ૧૭ | ■ | ■ |
| ■ | ૧૮ | ૧૯ | ■ | ■ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | | | ■ | ૨૪ | | | |
| ■ | ૨૫ | | ■ | ■ | ૨૬ | | |

**આડી ચાવી**

૧. સામાન્ય નિયમમાં બાધ હોય તેવું, ભાગ્યે જ જોવા મળે તેવું (૪)
૪. ઘરેણાને ફરી નવા કરવા ઢોળ ચડાવે તે (૩)
૬. સમયનું એક માપ (૨)
૭. કયાં જાવ છો? પુછીને જતી વ્યક્તિને... ન કરાય (૩)
૯. શુકનવંતુ (૫)
૧૨. અભિનેત્રી કાજોલની માતા (૩)
૧૩. માછલી (૨)
૧૪. આકાશ (૨)
૧૬. ચામડી પર થતો એક રોગ (૩)
૧૮. 'દાણ' શબ્દ ઊંધો (૨)
૨૦. દેવાની પતાવટ - માંડવાળ (૩)
૨૩. શરદી - સળેખમ (૩)
૨૪. ચકચકાટ, પ્રકાશિત (૪)
૨૫. જંગલ, વન (૨)
૨૬. સિતારો (૩)

**ઊભી ચાવી**

૧. ખરાબ શુકન (૫)
૨. પોપચું, આંખનું ઢાંકણ (૩)
૩. જૂના-પુરાણા ખ્યાલો (હિન્દીમાં) (૫)
૪. ગીરવી (૨)
૫. એક પહોળું વાસણ (૨)
૮. સખત ગરમી કે તાપ હોય તો આપણે... ગરમી છે તેમ કહીએ (૪)
૧૦. રોજ (૨)
૧૧. કાર્ય (૨)
૧૫. આભાસ, હકીકતમાં ન બન્યું હોય છતાં થતો અહેસાસ (૪)
૧૭. સફળ થવું તે (૪)
૧૯. પાલવ, પલ્લો (૪)
૨૧. ઓડકાર (૩)
૨૨. વાળને ગુંથવા તે (૩)

### શબ્દાવલી ૪૮૧૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) અપહરણ (૫) જશ (૭) મલકાટ (૮) લાનત (૯) નકાર (૧૦) ખુશામત (૧૧) સ્કર (૧૨) મના (૧૩) સમજાવટ (૧૬) કંચન (૧૯) હિના (૨૦) ધાકધમકી (૨૨) વટ (૨૩) રમો (૨૪) બટન

**ઊભી ચાવી :-** (૧) અમનસ્ક (૨) પલકાર (૩) હકાર (૪) પટ (૫) જનમ (૬) સતત (૮) લાશા (૧૦) ખુનામરકી (૧૨) મસ (૧૪) વહીવટ (૧૫) ટનાટન (૧૬) કંધાર (૧૭) ચમકો (૧૮) નધ (૨૧) મદુ

# મહર્ષિ તેજાનંદ સ્વામી ધામની શિલાન્યાસ વિધિ સંપન્ન

ગાંધીનગર, તા.૧૨

ગુરુ બ્રાહ્મણ સમાજની સંસ્કૃતિની ધરોહર મહર્ષિ સ્વામી તેજાનંદ ધામની શિલાન્યાસ વિધિ કલોલના આરસોડિયા સામે આઈ.ટી.આઈ.ની સામેના સ્થળે ભારે ઉલ્લાસપૂર્વક વાતાવરણમાં સંપન્ન થઈ હતી. ગાંધીનગર, કલોલ, મહેસાણા અને ચાંદખેડા વિસ્તારનાં ગુરુ બ્રાહ્મણ સમાજના અગ્રણીઓ, વડીલો અને સ્નેહીજનો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને યોગ્ય સાથ સહયોગ આપ્યો હતો.

અખિલ ભારતીય ગુરુ બ્રાહ્મણ વિકાસ પરિષદના પ્રમુખ ગિરીશચંદ્ર પંડયાનો મહર્ષિ તેજાનંદ સ્વામિ ધામનું નિર્માણ કરવાનો હતો જે ગુરુ બ્રાહ્મણ સમાજ કલોલ પરિવારના સાથ-સહયોગથી સુપેરે પાર પડી રહ્યો છે. તેનો તેમણે આનંદ વ્યકત કર્યો હતો. ગુરુ બ્રાહ્મણ સમાજની ગુરુ ગાંડી ઝીંઝૂવાડાના ગાદીપતિ પૂજય દયારામ બાપુએ આ પ્રસંગે ખાસ હાજરી આપીને આશીર્વચન પાઠવ્યા હતા અને શિલાન્યાસ વિધિ સંપન્ન કરી હતી. ઝીંઝૂવાડા ગામે નિર્માણ પામેલા તેજાનંદ મંદિરના સલાહકાર ભાનુપ્રસાદ શ્રીમાળીએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને ભારતીય ગુરુ બ્રાહ્મણ વિકાસ પરિષદની પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને આરસોડિયા ખાતે નિર્માણ થનાર તેજાનંદ સ્વામીના ધામમાં સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે મધુસૂદનભાઈ શ્રીમાળી, કિરીટભાઈ શ્રીમાળી, અખિલ ભારતીય ગુરુ બ્રાહ્મણ વિકાસ પરિષદના મહામંત્રી રિન્કુભાઈ શ્રીમાળીએ પૂજન વિધીમાં ભાગ લીધો હતો. વિનોદભાઈ શ્રીમાળીએ પૂજા વિધિ કરાવી હતી. અખિલ ભારતીય ગુરુ બ્રાહ્મણ વિકાસ પરિષદના પ્રમુખ ગિરીશચંદ્ર પંડયાએ આ પ્રસંગે કલોલ નિવાસી ગુરુ બ્રાહ્મણ પરિવારોના સહયોગને સ્વામી તેજાનંદ ધામના નિર્માણ માટે મુખ્ય ગણાવ્યું હતું.

## શ્રદ્ધા સોસાયટીના સ્નેહીજનોએ ધાર્મિક પ્રવાસ માણ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સેકટર-૨-બીમાં આવેલી શ્રદ્ધા સોસાયટીના રહીશોએ શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં ઈશ્વર તરફની શ્રદ્ધાને ચરિતાર્થ કરવા ધાર્મિક પ્રવાસ યોજયો હતો. શ્રદ્ધા સોસાયટીના રહીશ અરવિંદભાઈ પટેલ, પ્રવીણભાઈ પટેલ, નીતિનભાઈ પટેલ, જયંતીભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ અને રાજેશભાઈ મેવાડા અને અન્ય પડોશી સ્નેહીજનોએ સપરિવાર પાવાગઢ, ડાકોર અને ધારેશ્વર મહાદેવના દર્શનનો ધાર્મિક પ્રવાસ તાજેતરમાં યોજ્યો હતો. સોસાયટીના રહીશોએ પાવાગઢના મહાકાલીમા, ડાકોરના રણછોડ રાયજી અને ધારેશ્વરના મહાદેવજીના મંદિરના શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા અને આશીર્વાદ મેળવ્યા હતા. સોસાયટીના સભ્યોના સંપ, સહકારથી સમગ્ર પ્રવાસ સફળ બન્યો હતો.

# ભાજપ દ્વારા ઉમેદવાર પસંદગી માટે કવાયત શરૂ કરવામાં આવી

## આજે દિયોદર-લાઠી તાલુકાના આગેવાનો સાથે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હવે ગણતરીના મહિના બાકી જ રહ્યા છે ત્યારે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે મુખ્યમંત્રીએ વિધાનસભા બેઠક દિઠ આગેવાનો સાથે બેઠકોનો દોર શરૂ કર્યો છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ડીસેમ્બર ૨૦૧૨માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાનારી છે. આ વર્ષે યોજાનારી ચૂંટણી નવા ડિલીમીટેશન પ્રમાણે યોજાનારી હોઈ બદલાયેલી રાજકીય પરિસ્થિતિ અને જ્ઞાતિ સમીકરણોને ધ્યાને રાખીને ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનારી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભાજપ દ્વારા ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં વિધાનસભા બેઠકમાં આવતાં તાલુકા જિલ્લાના આગેવાનો સાથે બેઠકનો દોર શરુ કરવામાં આવ્યો છે નવા સીમાંકન પ્રમાણે જે તે બેઠક પર શું રાજકીય અને જ્ઞાતિ સમીકરણોને છે તેની સમીક્ષા કરવામાં આવી રહી છે અને સંભવીત ઉમેદવારોના નામો માટેના અભિપ્રાયો પણ મેળવવામાં આવી રહ્યા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત સપ્તાહે મુખ્યમંત્રીના વડપણ હેઠળ સુરત જિલ્લાના બારડોલી અને નવસારી જિલ્લાના આગેવાનો સાથે બેઠક યોજાઈ હતી. જેમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુ અને પ્રદેશ મહામંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતાં. આ બેઠકમાં આ જિલ્લામાં નવા સિમાંકન પ્રમાણે કઈ બેઠક પર કયો ઉમેદવાર ચાલશે તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે મુખ્યમંત્રી નિવાસસ્થાને દિયોદર અને અમેલી જિલ્લાની લાઠી વિધાનસભા બેઠક માટે બેઠક મળી હતી. આ બેઠકમાં અમરેલી જિલ્લાના આગેવાનો તેમજ બનાસકાંઠા જિલ્લાના આગેવાનો દિયોદર બેઠક માટે ઉપસ્થિત રહ્યા હતાં. અને આ બેઠકો માટે સંભવિત ઉમેદવારોના નામો અંગે અભિપ્રાયો મેળવીને રાજકીય તેમજ જ્ઞાતિ સમીકરણો અંગેની સમીક્ષા કરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉમેદવાર પસંદગી પ્રક્રિયાની સાથો સાથ જિલ્લા તાલુકાના આગેવાનોને આગામી ચૂંટણીની તૈયારી માટે મુખ્યમંત્રી દ્વારા શરૂ કરવામાં આવનારા સંમેલનોને સફળ બનાવવા અને ચૂંટણી લક્ષી કાર્યક્રમો હાથ ધરવા પણ અનુરોધ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

## સાર્વત્રિક વરસાદથી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આગામી ૪૮ કલાકમાં હળવાથી ભારે વરસાદ થવાની શકયતાઓ છે.

શ્રાવણની વિદાય પૂર્વે થયેલા વરસાદ થતાં લોકોમાં ભગવાન પ્રત્યેની શ્રધ્ધામાં પણ વધારો થયો છે. જો કે વરસાદની બદલાયેલી પેટર્નમાં છેલ્લા ત્રણેક વર્ષથી ઓગષ્ટ માસમાં જ સારો વરસાદ નોંધાતો રહ્યો છે. વરસાદ ખેંચાતા તંત્રએ પણ દિવેલા અને અન્ય પાકોના વાવેતરની સલાહ ૧૫ ઓગષ્ટથી ૧૫ સપ્ટેમ્બરની આપી છે. આ વખતે દિવેલા નં. ૭નું વાવેતર વધુ થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં સાર્વત્રિક વરસાદને પગલે જિલ્લાના હવામાનમાં પણ ભારે પલ્ટો આવ્યો છે તેમજ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. જો કે વીજળીની માંગમાં નજીવો ઘટાડો નોંધાયો છે.